## ગુજરાતે દેશને ચીંધી નવી દિશા...

રાજ્યના ગરીબ, મધ્યમ વર્ગના પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન તથા કારકિર્દી ઘડતરની સમાન તક પૂરી પાડતી જનકલ્યાણકારી યોજના...



# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

**“યુવા શક્તિને વિકાસની શક્તિ સાથે જોડવાના અનેકવિધ નવા અવસરો પૂરા પાડવામાં આવ્યા છે.’’**

- શ્રીમતી આનંદીબહેન પટેલ,
મુખ્યમંત્રી



# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરિયાતમંદ યોગ્યતાપ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે ગુણવત્તા અને આવક (**Merit cum means**) ના માપદંડોને આધારે મળી રહે તે માટેની જનહિતકારી યોજના.

**ઉચ્ચ શિક્ષણ માટે સહાયની વિગતો :**

ઉચ્ચ શિક્ષણ સહાય મેળવવા માટેની પાત્રતા

- ગુજરાતમાં આવેલા માન્ય બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી ડિપ્લોમા અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ મળશે.
- ગુજરાતમાં આવેલ માન્ય બોર્ડની ધોરણ-૧૨ની સામાન્ય અથવા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ મળશે.
- રૂ. ૪,૫૦,૦૦૦ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનોનો આ યોજનામાં સમાવેશ થાય છે. રાજ્ય સરકારે આવક મર્યાદાના પ્રમાણપત્રને ત્રણ વર્ષ માટે માન્ય રાખવાનો નિર્ણય કર્યો છે. જેનો લાભ તમામ વિદ્યાર્થીઓને મળશે. જેની પાસે આવકના પ્રમાણપત્રો હશે તેમણે ત્રણ વર્ષ સુધી આવકનું પ્રમાણપત્ર ફરીથી પ્રાપ્ત કરવાની આવશ્યકતા રહેતી નથી.

પર્સેન્ટાઈલ એટલે શું ?

રાજ્યમાં આવેલા વિવિધ બોર્ડના પરિણામમાં સમન્વય સાધવાના હેતુથી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે પર્સેન્ટાઈલ પદ્ધતિ અપનાવવામાં આવે છે. ધોરણ-૧૨ની માર્કશીટમાં પણ પર્સેન્ટાઈલ દર્શાવવામાં આવે છે.

- પ્રથમ ૯૦ પર્સેન્ટાઈલથી વધુ એટલે બોર્ડમાં ઉત્તીર્ણ થયેલા ૧૦૦ વિદ્યાર્થીઓ પૈકી મેરીટ પ્રમાણેના પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓ.
- દર વર્ષે પરિણામ જુદું હોય છે, પરંતુ સામાન્યતઃ ગુજરાતમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એ અને ગ્રુપ-બીની પરીક્ષામાં ૯૦ પર્સેન્ટાઈલથી વધુ " એટલે પરીક્ષામાં આશરે ૭૦થી ૭૫ ટકા માર્કસથી વધુ ગુણ મેળવનાર " વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.
- એજ રીતે સામાન્યતઃ ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ પર્સેન્ટાઈલથી વધુ એટલે ધોરણ-૧૦ની પરીક્ષામાં આશરે ૬૦ થી ૬૫ ટકાથી વધુ ગુણ મેળવેલ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.



**સહાયની રકમના ધોરણ :**

- ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહની ગ્રુપ-બીની બોર્ડની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ લાવનાર વિદ્યાર્થીઓને મેડિકલ, ડેન્ટલના અભ્યાસક્રમમાં સ્વનિર્ભર કૉલેજમાં પ્રવેશ મળે તો વાર્ષિક ટ્યૂશન ફીના ૫૦ ટકા રકમ રૂ.૨,૦૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. આમ પાંચ વર્ષના અભ્યાસક્રમમાં રૂ.૧૦,૦૦,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે.

- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એ/ગ્રુપ-બીની બોર્ડની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ લાવનાર વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના પ્રોફેશનલ અભ્યાસક્રમ જેવા કે, ઈજનેરી/ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેકચર, એગ્રિકલ્ચર, આયુર્વેદ, હોમિયોપેથી, નર્સિંગ, ફીઝીયોથેરાપી, પેરા-મેડિકલ, વેટરનરી માટે સ્વનિર્ભર કૉલેજમાં પ્રવેશ મળે તો વાર્ષિક ટ્યૂશન ફીના ૫૦ ટકા રકમ રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. અભ્યાસક્રમની ચાર વર્ષની અવધિ દરમિયાન રૂ. ૨,૦૦,૦૦૦ સુધી સહાય મળવાપાત્ર રહેશે.



- ધોરણ-૧૨ સામાન્ય/વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ લાવનાર વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના બી.એ, બી.એસસી., બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., જેવા અભ્યાસક્રમમાં સ્વનિર્ભર કૉલજમાં પ્રવેશ મળે તો, વાર્ષિક ટ્યૂશન ફીના ૫૦ ટકા રકમ રૂ.૧૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. આમ ૩ વર્ષની અવધિમાં રૂ.૩૦,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે.
- ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૮૦ પર્સેન્ટાઈલ કે તેથી વધુ લાવનાર વિદ્યાર્થીઓને ડિપ્લોમા અભ્યાસક્રમમાં સ્વનિર્ભર કૉલેજમાં પ્રવેશ મળે તો વાર્ષિક ટ્યૂશન ફીના ૫૦ ટકા રકમ રૂ. ૨૫,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. આમ ત્રણ વર્ષમાં કુલ રૂ. ૭૫,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે.
- સરકારી મેડિકલ, ડેન્ટલ, ઈજનેરી કૉલેજોમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના ઉમેદવારો જે સંખ્યામાં પ્રવેશ મેળવે અને તેટલા બિનઅનામત વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કૉલેજમાં પ્રવેશ લેવો પડે તો સ્વનિર્ભર અને સરકારી કૉલેજની ફીના તફાવતની રકમ મળવાપાત્ર રહેશે.

**ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે અન્ય સવલતો**

★ રહેવા-જમવા પેટે સહાય (અભ્યાસક્રમની નિયત અવધિ માટે)

- ❒ સ્નાતક અથવા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી પોતાના વતનના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી છાત્રાલયમાં પ્રવેશ ન મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે રહેવા-જમવાની સહાય પેટે રૂ.૧,૨૦૦ દર મહિને મળશે.
- ❒ ઉદાહરણ રૂપે બી.એ., બી.કોમ., બી.એસસી. જેવા સ્નાતક તથા ડિપ્લોમાના અભ્યાસક્રમો માટે ત્રણ વર્ષની અવધિ દરમિયાન કુલ રૂ.૩૬,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર થશે.

★ સાધન-પુસ્તક સહાય (one time)

- ❒ મેડિકલ/ડેન્ટલ જેવા પ્રોફેશનલ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારને રૂ.૧૦,૦૦૦.
- ❒ ઇજનેરી/ટેકનોલોજી/ફાર્મસી/આર્કિટેકચર જેવા પ્રોફેશનલ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારને રૂ.૫,૦૦૦
- ❒ ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારને રૂ. ૩,૦૦૦.

★ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક ખાતામાં સીધી જમા થશે

★ સરકારી કોલેજોના ફોર્મ ફીના ધોરણ મુજબ સ્વ-નિર્ભર કોલેજોમાં પ્રવેશ માટે ફોર્મ ફીનું સમાન ધોરણ

**શાળાકીય શિક્ષણ માટેની સહાયની વિગતો :**

- પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને મળવાપાત્ર લાભ.
- સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ગણવેશ, પાઠયપુસ્તકો અને શિષ્યવૃત્તિનો લાભ મળવાપાત્ર રહેશે.
- સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને કોઈપણ જાતની વાર્ષિક આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય વિના મૂલ્યે પાઠય પુસ્તકો મળવાપાત્ર રહેશે.

**યુવાઓની કારકિર્દી ઘડતર માટે સહાયની વિગતો :**

- ભારત સરકારની સેવાઓમાં ગુજરાતના વધુમાં વધુ યુવક-યુવતીઓ જોડાય તે માટે આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.આર.એસ., આઈ.એફ.એસ., રેલવે, બેન્કિંગની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સ્પીપા સંસ્થા અને જિલ્લા કેન્દ્રોની બેઠકો ૩૪૦થી વધારીને ૧૦૦૦ કરવામાં આવશે.
- એન્જિનિયરીંગ અને ડિપ્લોમાનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ, ડિગ્રી મળ્યાના પાંચ વર્ષમાં તેઓને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે ભારત સરકારની મુદ્રા યોજનામાંથી રૂ. ૫૦ હજારથી માંડીને રૂ. ૧૦ લાખ સુધીની લોન મેળવે, તેમને આ લોન ઉપર ભરવાના થતા વ્યાજમાં ૩ વર્ષ સુધી ૫ ટકા વ્યાજ સહાય રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે.
- સરકારી નોકરીમાં ભરતી માટે તમામ વર્ગો માટેની નિયત વયમર્યાદામાં પાંચ વર્ષનો વધારો કરવામાં આવ્યો છે.

**પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવતા ૬૨,૦૦,૦૦૦ (બાસઠ લાખ) વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે**

**આ યોજનાના પરિણામે વર્ષે રૂ. ૧,૦૦૦ કરોડ સુધીનો લાભ ગુજરાતના યુવાઓને મળશે :**
**યોજનાનો અમલ વર્ષ ૨૦૧૫-૧૬થી કરવામાં આવશે**

**યોજનાનું અમલીકરણ**

- પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે અનુક્રમે નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરી અને કમિશનર શાળાઓની કચેરી મારફતે.
- ઉચ્ચ શિક્ષણની સહાયની કાર્યવાહી નૉલેજ કોન્સોર્ટિયમ ઑફ ગુજરાત (કેસીજી) મારફત
- વેબપોર્ટલ મારફત ઉચ્ચ શિક્ષણ માટેની સહાય અંગેની ઑનલાઈન અરજીઓ મેળવાશે.
- વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીઓ / સંસ્થાઓ ખાતે ઉભા કરવામાં આવનાર ૮૫ જેટલા હેલ્પ સેન્ટર્સ.



શિક્ષણ વિભાગના સહયોગથી... પ્રકાશક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય ● પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.